[આ ગુજરાતી અનુવાદ અસલ અંગ્રેજી પરથી કરવામાં આવેલ છે. અર્થઘટન અંગેના કોઈ પણ વિવાદના સંજોગોમાં અસલ અંગ્રેજી લખાણ માન્ય ગણાશે]

# અધીનસ્થ કર્મચારીઓ ની ભરતી : ૨૦૧૬-૧૭

બેંક ઓફ બરોડા, બરોડા ઝોન, ઝોનલ ઓફીસ, સુરજ પ્લાઝા-૩, સયાજીગંજ, બરોડા ૩૯૦૦૦૫, પૂર્ણ સમય ના સફાઈ કામદાર -કમ- પટાવાળા / પટાવાળા ના પદે ભરતી માટે આવેદન પત્ર મંગાવે છે જેની વિગત નીચે મુજબ છે ::-

| રાજ્ય | ઝોન # | પદ | કુલ જગ્યા | અનુસુચિત જાતિ | અનુસુચિત જનજાતિ | અન્ય પછાત વર્ગ | બિન અનામત* | જેમાં થી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | શારીરિક વિકલાંગ | નબળી દ્રષ્ટિ | સાંભળવા ની તકલીફ | ભૂતપૂર્વ સૈનિક |
| ગુજરાત | બરોડા * | પૂર્ણ સમય ના સફાઈ કામદાર –કમ- પટાવાળા | 280 | 5 | 43 | 69 | 163 | 3 | 3 | 2 | 69 |
| | | પટાવાળા | 10 | 0 | 1 | 4 | 5 | 0 | 0 | 0 | 0 |
| | | કુલ | 290 | 5 | 44 | 73 | 168 | 3 | 3 | 2 | 69 |

- **બરોડા ઝોન માં -૧૨- જિલ્લા છે જેમ કે બરોડા,** છોટાઉદેપુર, નર્મદા, ભરુચ, વલસાડ, નવસારી, સુરત, તાપી, ગોધરા, મહિસાગર, દાહોદ અને કેંન્દ્ર શાશિત પ્રદેશ દિવ અને દમણ.

*# પસંદગી પામેલ ઉમેદવારો ની, બેંક પોતાની વહિવટી જરુરિયાત મુજબ, બરોડા ઝોન ની કોઈ પણ શાખા/કાર્યાલય માં નિમણુક કરી શકશે.*

સરકારી ધારાધોરણ મુજબ અનામત ઉપલબ્ધ રહેશે.

## યોગ્યતા ના માપદંડ ::

## ઉંમર :-

તારીખ ૦૩/૧૨/૨૦૧૬ ના રોજ ઉમેદવારે ૧૮ વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ પરંતુ ૨૬ વર્ષ કરતા વધુ ઉંમર ન હોવી જોઈએ. અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ/અન્ય પછાત વર્ગ/વિકલાંગ/ભૂતપૂર્વ સૈનિક ઉમેદવારો ને ઉપલી વય મર્યાદામાં સરકારી માર્ગદર્શિકા મુજબ છૂટછાટ આપવામાં આવશે.

વિવિધ વર્ગો માટે છૂટછાટ નીચે મુજબ છે:-

| શ્રેણી | ઉંમર રીલેકસેશન |
|---|---|
| સામાન્ય (બિન અનામત) | શૂન્ય |
| અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ | **5 વર્ષ** |
| અન્ય પછાત વર્ગ (નોન ક્રિમીલેયર) | **3 વર્ષ** |
| શારીરિક વિકલાંગ | **10 વર્ષ** |
| વિધવા, છૂટાછેડા થયેલ સ્ત્રી અને પતિ થી કાયદેસર રીતે અલગ થયેલ પણ ફરી થી લગ્ન નહીં કરેલ સ્ત્રી | **9 વર્ષ** |
| ભૂતપૂર્વ સૈનિક / વિકલાંગ ભૂતપૂર્વ સૈનિક | સંરક્ષણ દળો માં સેવા આપેલ વાસ્તવિક સમય + 3 વર્ષ (અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ ના ભૂતપૂર્વ સૈનિક માંટે 8 વર્ષ) – એકંદર મહત્તમ ઉંમર મર્યાદા 50 વર્ષ |
| 1.1.1980 થી 31.12.1989 દરમિયાન જમ્મુ-કાશ્મીર રાજ્ય ના મૂળ રહેવાસી | **5 વર્ષ** |
| વર્ષ 1984 ના રમખાણોને દ્વારા અસરગ્રસ્ત વ્યક્તિઓ | **5 વર્ષ** |
| યુનિયન કાર્બાઇડ ફેક્ટરી, ભોપાલ માંથી સેવા છૂટા કરાયેલા નિયમિત કર્મચારીઓ (માત્ર મધ્યપ્રદેશ રાજ્ય માટે લાગુ) | **5 વર્ષ** |

1. અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / અન્ય પછાત વર્ગ ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં રાહત બાકી વર્ગોમાં જેના માટે ઉંમર છૂટછાટ પરવાનગી છે તેમાં માત્ર એક શ્રેણી માં એકસાથે એકત્રિત ધોરણે લાગુ પડે છે.
2. મહત્તમ વય એટલે કે વર્ષ સ્પષ્ટ મર્યાદા જનરલ શ્રેણી ઉમેદવારો માટે લાગુ પડે છે 26

## શૈક્ષણિક લાયકાત ::

- ઉમેદવાર ધોરણ ૧૦ અથવા સમકક્ષ પરીક્ષા મા ઉત્તીર્ણ થયેલ હોવા જોઈએ.
- ઉમેદવાર સ્થાનિક ભાષા વાંચી, સમજી અને લખી શકતા હોવા જોઈએ. અંગ્રેજી ભાષા ના જ્ઞાન ને વધારા નો ભારાંક આપવામાં આવશે.

## અરજી લાગત :-

ચુકવવા પાત્ર અરજી લાગત / સૂચના ખર્ચ [ઓનલાઈન ચુકવણી] નીચે મુજબ છે ::

- . ૧૦૦/- અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ / વિકલાંગ/ભૂતપૂર્વ સૈનિક ઉમેદવાર માટે
- . ૪૦૦/- અન્ય ઉમેદવાર માટે

  **નોંધ ::-** *અરજી લાગત નો ઓનલાઈન ચુકવણી અંગે બેંક લેવડ દેવડ નો વહિવટી ખર્ચ / માહિતી ખર્ચ ઉમેદવારે ભોગવવા નો રહેશે.*

*ચુકવણી ની રીત:*

*1. ઓનલાઇન ચુકવણી (ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને નેટ બેંકિંગ) - અરજી ફી ઓનલાઇન ચુકવણી માટે બેન્ક ટ્રાન્ઝેક્શન ચાર્જ / જાણ ખર્ચ ઉમેદવાર દ્વારા ઉઠાવવામાં આવશે.*

*2. ઑફલાઇન ચુકવણી (બેંક ઓફ બરોડા ચલન) - ઓનલાઇન પોર્ટલ પર અરજી પૂર્ણ કર્યા પર, તે ફી ચુકવણી માટે પે-ઈન-સ્લિપ/કાપલી (બેન્ક ઓફ બરોડા ચલન) પેદા કરે છે. ફી જમા કરાવવા માટે માત્ર આ પે-ઈન-સ્લિપ/કાપલી નો ઉપયોગ કરવો જેથી ફી યોગ્ય રીતે બેન્કના ખાતામાં જમા થઇ શકે. આ પે-ઈન-સ્લિપ/કાપલી લઈ બેન્ક ઓફ બરોડા ની નજીકની શાખા પર જાઓ અને શાખા માં ફક્ત પેદા કરેલ પે-ઈન-કાપલી નો ઉપયોગ કરીને જરૂરી રકમ જમા કરાવો.*

| | |
|---|---|
| *અરજી ની ઓનલાઈન નોંધણી તારીખ 26.11.2016 થી શરૂ થાય છે* | *ઓનલાઈન નોંધણી માટે ની છેલ્લી તારીખ ૧૬.૧૨.૨૦૧૬ છે.* |
| *ઓન લાઇન ફી ભરવા માટે* | *૨૬.૧૧.૨૦૧૬ થી ૧૬.૧૨.૨૦૧૬* |

*પગાર અને ભથ્થાઓ:*

***Rs. 9,560 / - --- Rs. 18,545 / -. + મો.ભ.+ ઘ.ભા.ભ. + અન્ય ભથ્થાઓ જે લાગુ હોય.***

### ઓનલાઈન અરજી કરવા ની અંતિમ તારીખ ૧૬/૧૨/૨૦૧૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી છે.

## પસંદગી ની પ્રક્રિયા ::

ઉમેદવારો ની પસંદગી ફક્ત કસોટી [ઓનલાઈન] ના માધ્યમ દ્વારા પ્રાપ્ત ગુણવત્તાના આધાર પર કરવામાં આવશે.

पूर्ण સમય ના સફાઈ કામદાર -કમ- પટાવાળા / પટાવાળા માટે ના ઉમેદવારો માટે ની ઓનલાઈન કસોટીનું માળખું નીચે મુજબ નુ રહેશે.

| અનુક્રમ નં | વિષય | કુલ ગુણ | પાત્રતા માટે જરૂરી ગુણ # | ફાળવવામા આવેલ કુલ સમય |
|---|---|---|---|---|
| ૧ | સ્થાનિક ભાષા નું જ્ઞાન | ૩૦ | ૧૨ | ૨ કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા નું જ્ઞાન | ૧૦ | ૪ | |
| ૩ | બેન્કિંગ સહીત સામાન્ય જાગૃક્તા | ૨૦ | ૮ | |
| ૪ | પ્રાથમિક અંકગણિત/આંકડાકીય ક્ષમતા | ૨૦ | ૮ | |
| ૫ | સાઈકોમેટ્રિક (ટેસ્ટ) કસોટી | ૨૦ | ૮ | |
| | કુલ ગુણ | ૧૦૦ | ૪૦ | |

*# અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ ના ઉમેદવારો ને હાલમા અમલી સરકારી માર્ગદર્શિકા મુજબ ગુણ માં ૫% ની છૂટછાટ આપવામાં આવશે.*

ઉપર ની કસોટી, અંગ્રેજી ભાષા ના જ્ઞાન સિવાય ની, દ્વિભાષી અર્થાત અંગ્રેજી તથા હિંદી માં પ્રાપ્ત રહેશે.

પરીક્ષાનું માળખું સુધારવાનો અધિકાર બેંક પોતાની પાસે અબાધિત રાખે છે અને જેની સુચના બેંક ની વેબસાઈટ દ્વારા કરવામાં આવશે. પરીક્ષા અંગેની અન્ય વિગતવાર માહિતી, ઉમેદવારો ને તેમના કોલ લેટર સાથેનાં માહિતી પત્રકમાં આપવામાં આવશે જેને બેંકની વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

## અસ્વીકૃતિ ::

પસંદગી પ્રક્રિયા દરમ્યાન ના કોઈ પણ તબક્કે ઉમેદવારે ખોટી માહિતી આપ્યાનું અને/અથવા પ્રક્રિયા ના નિયમોં નું ઉલ્લંઘન કર્યાનું ધ્યાનમાં આવશે તો તે ઉમેદવાર ને પસંદગી પ્રક્રિયા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે અને ભવિષ્યમાં થનાર પરીક્ષાઓ તેને/તેણી ને આપવા દેવામાં આવશે નહિ. જો વર્તમાન પસંદગી પ્રક્રિયા દરમ્યાન વણશોધાયેલ આવા પ્રસંગો ભવિષ્ય માં જાણમાં આવશે તો ગેરલાયકાત પશ્ચાદવર્તી અસરથી અમલી બનશે. બેંક આ ભરતી પ્રક્રિયા કોઈ પણ કારણો આપ્યા વગર રદ કરવાનો અબાધિત અધિકાર રાખે છે.

આ ભરતી સંબંધિત કોઈ પણ બાબતોમાં બેંક નો નિર્ણય આખરી અને તમામ ઉમેદવારો ને બંધનકર્તા રહેશે.

******************